**સમરી કેસ નંબર 198/2024**

**<u>આંક–૦૧ લગત હુકમ</u>**

૧. તપાસ કરનાર અમલદાર દ્વારા ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીક સીટી એક્ટની કલમ ૧૫૨ અન્વે જ્યુડી. ફ.ક. મેજીસ્ટ્રેટશ્રીને સંબોધીને માંડવાળ અહેવાલ રજુ કરેલ છે.

૨. અહેવાલ અન્વયે આરોપીને પ્રથમ વીજચોરીનો ગુનો કરેલ અને તે અન્વયે કંપાઉન્ડની રકમ આરોપીએ ભરપાઈ કરી દીધેલ છે. તેમજ આરોપી તરફથી વીજચોરી તથા કંપાઉન્ડની પુરેપુરી રકમ ભરપાઈ કરતા નાયબ ઈજનેર સબ ડીવીઝન દ્વારા આરોપી વિરૂદ્ધનો આ ગુનો માંડવાળ કરવા દ્વારા ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીક સીટી એક્ટ ૨૦૦૩ ની કલમ ૧૫૨ હેઠળ માંડવાળ રીપોર્ટ રજુ કરેલ છે અને માંડવાળ રીપોર્ટ રજુ રાખવા અરજ કરેલ હોય, જે અન્વયે દ્વારા ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીક સીટી એક્ટ ૨૦૦૩ ની કલમ ૧૫૪ અન્વયે જો, ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીક સીટી એક્ટ ૨૦૦૩ ના ગુના બાબતે ટ્રાયલ ચલાવવાની હોય તો તે ટ્રાયલ ચલાવવાઅહેવાલ મહે. ખાસ અદાલત ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીક સીટી એક્ટ અન્વયે ની હોય ત્યા મોકલવાની હોય છે, પરંતુ હાલના કામે કલમ ૧૫૨ અન્વયે માંડવાળ કરવા રીપોર્ટ રજુ કરવામા આવેલ હોય જે અન્વયે કલમ ૧૫૪ અન્વયે નામદાર ખાસ અદાલતને કેસ મોકલવાનો રહેતો ન હોય જે તમામ બાબત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>હુકમ</u>**

આ કામે આક્ષેપીત વીજચોરીની જણાવેલ તમામ રકમ ભરપાઈ કરી દીધેલ હોય તેવા સંજોગોમા ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીક સીટી એક્ટ ૨૦૦૩ ની કલમ ૧૫૨ ના અનુસંધાને માંડવાળ રીપોર્ટ મંજુર કરવામા આવે છે.

હુકમ આજરોજ ૧૪ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૪ ના રોજ નેશનલ લોક અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪–૦૯–૨૦૨૪
તાપી મુ.વ્યારા

(જીજ્ઞેશ વિષ્ણુભાઈ પટેલ)
ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ એન્ડ
એડી.સીનીયર સીવીલ જજ, વ્યારા જી.તાપી
**U.Id. Code-GJ00960**